પહેલા ઇન્ડિયન મેડીકલ કાઉન્સિલમાં કરાવેલ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેમજ જામનગર મહાનગરપાલિકા ખાતે નિમણુકવાળી જગ્યા ઉપર હાજર થયા બાદ ખાનગી પ્રેક્ટીસ કરી શકશે નહિ. જેની ખાસ નોંધ લેવી. ૨ વર્ષની સેવા સંતોષકારક રીતે પૂર્ણ કરનાર ઉમેદવારને જે - તે જગ્યા ઉપર નિયમિત નિમણુંક આપવા અંગે વિચારણા કરવામાં આવશે. જે તે જગ્યાના નિયમિત નિમણુંકના પગાર ધોરણની વિગતો જાહેરાતમાં દર્શાવેલ છે. આ જગ્યાઓ રાજ્ય સરકારમાંથી મળતી ગ્રાંટને અનુલક્ષીને ચાલુ રહેશે.

(૯) પસંદગી પ્રક્રિયા :-

ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૫૪ હેઠળ વિહિત કરાયેલ જામનગર મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી દ્વારા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(A) ઉપરોક્ત તમામ જગ્યાઓની ભરતી માટે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ઓબ્જેક્ટીવ (MCQ) પધ્ધતિ મુજબ ૨૦૦ માર્ક્સની લગત જગ્યાના અભ્યાસ મુજબ રહેશે જેની સમય મર્યાદા ૨(બે) કલાકની રહેશે. ઉપરાંત રૂબરૂ ઈન્ટરવ્યુ ૨૦ માર્ક્સનું રાખવામાં આવશે.

લેખિત ઓબ્જેક્ટીવ (MCQ) પરીક્ષામાં મીનીમમ ૩૫% મુજબ ઓછામાં ઓછા ૭૦ માર્ક્સ લાવનાર ઉમેદવારોમાંથી મેરીટ તૈયાર કરીને મેરીટમાં અગ્રતા ધરાવતા ઉમેદવારોને જગ્યાની સંખ્યાને આધીન કુલ જગ્યાના ૩ ગણા ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે રૂબરૂ બોલાવવાના થશે.

ઉપર મુજબ કુલ ૨૦૦ + ૨૦ = ૨૨૦ માર્ક્સમાંથી મેરીટ આધારિત પસંદગી કરવામાં આવશે. કુલ ૨૨૦ માર્ક્સમાંથી ઓછામાં ઓછા ૩૫% માર્ક્સ એટલે કે ૭૭ માર્ક્સ મેળવવાના રહેશે. તેમાંથી પસંદગી મેરીટ વાઈઝ અગ્રતા ક્રમ ધરાવતા ઉમેદવારોની જ પસંદગી નિમણુક માટે તેમજ પ્રતીક્ષાયાદી માટે કરવામાં આવશે.

(B) જામનગર મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયત ધોરણો અનુસરીને પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે. પ્રતિક્ષાયાદી એ પસંદગીયાદી નથી જે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૧૦) પરીક્ષા ફી :-

- ફોર્મ ભરતી વખતે કેટેગરી સિલેક્ટ કરી ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- સામાન્ય, સા.શૈ.પ.વર્ગ તથા આર્થિક નબળા વર્ગના પુરુષ ઉમેદવાર માટે પરીક્ષા ફી રૂ.૧૦૦૦/- રહેશે.
- તમામ મહિલા ઉમેદવાર,અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ,એક્સ-સર્વિસમેન, દિવ્યાંગ નાં ઉમેદવારો માટે પરીક્ષા ફી ૫૦% એટલે રૂ.૫૦૦/- ભરવાની રહેશે.
- ઉમેદવારોએ પરીક્ષા ફી માત્ર ઓનલાઈન જમા કરાવવાની રહેશે.

